**હવામાન**

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૪.૦° સે. | ૨૮.૦° સે. |
| આહવા | ૩૭.૦° સે. | ૨૫.૦° સે. |
| વલસાડ | ૩૬.૦° સે. | ૨૯.૦° સે. |
| વાપી | ૩૬.૦° સે. | ૨૯.૦° સે. |

**ACમાં શોર્ટ સર્કિટથી આગ ફાટી નીકળી હતી**

# નવસારીના નાગરવાડામાં આગમાં વૃદ્ધા મકાનમાં ફસાયા

**માતા** બે પુત્રીઓને લઇને બહાર દોડી ગઇ, મકાનમાં ફસાયેલા દાદીને જીવનરક્ષક દળે બહાર કાઢ્યા



નવસારીઃ નવસારી શહેરના નાગરવાડ વિસ્તારમાં આજે એક રહેણાંક મકાનમાં લાગેલી ભીષણ આગે આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ ઉભો કર્યો હતો. ‘સ્વાગત ઘર’ નામના મકાનના ત્રીજા માળે અચાનક આગ ફાટી નીકળતાં પરિવારજનોમાં ચીસોચીસ અને દોડધામ મચી ગઈ હતી.

પ્રાથમિક માહિતી અનુસાર ચાલુ એર કંડિશનર (AC)માં થયેલા શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. જોતજોતામાં ધુમાડા અને આગની જ્વાળાઓએ આખો માળ ઘેરી લીધો હતો. આ મકાન નિકુંજ મોહનભાઈ સોનીનું હોવાનું જાણવા મળ્યું છે.

આગ લાગતાં જ સોનલબેન સોનીએ હિંમત અને સમયસૂચકતા દાખવી પોતાની દીકરીઓ સુહાની અને વૈષ્ણવી સાથે બહાર દોડી જઈ જીવ બચાવ્યો હતો. પરંતુ ઘરમાં હાજર વૃદ્ધા સુશીલાબેન અંદર જ ફસાઈ જતા પરિવારજનોમાં ગભરાટ છવાઈ ગયો હતો.

ઘટનાની જાણ થતા જ ફાયર વિભાગના અધિકારી નંદુભાઈ ટંડેલના માર્ગદર્શન હેઠળ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. ધુમાડા અને આગની વચ્ચે જીવના જોખમે અંદર પ્રવેશ કરનાર ફાયર જવાનોએ ભારે જહેમત બાદ વૃદ્ધ સુશીલાબેનને સલામત બહાર કાઢ્યા હતા.

# ઓનલાઇન મોબાઇલના નામે વિદ્યાર્થી સાથે 21000ની ઠગાઈ

**છરવાડાના** મોહિતને ઠગોએ મોબાઇલ પેક કરતો વીડિયો અને કુરિયરની સ્લીપ મોકલી આપી

**દશરથ** પટેલ નામના ફેસબુક એકાઉન્ટ ધારક સામે વાપી ટાઉન પોલીસમાં ઠગાઇનો ગુનો

વાપી : વાપી ટાઉન પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વાપી છરવાડા રોડ, આસોપાલવ સોસાયટીમાં મોહિત હિમાંશુ બડોલે (ઉં.19) રહે છે અને હાલ તે નીટની તૈયારી કરી રહ્યો છે. ગત તા.22-5-26 ના રોજ ફેસબુક આઈડીમાં દશરથ પટેલ દ્વારા આઈફોન અંગેની જાહેરાત મૂકેલ હતી. જેથી તે ફોન લેવા માટે ઈન્કવાયરી મેસેજ કર્યો હતો. જે બાદ તેણે ફેસબુક પર મોબાઈલ ફોન આપ્યો હતો. જે બાદ મોબાઈલ ફોન કરતા રવિ નામ જણાવ્યું હતું અને ફોનની કિંમત 22 હજાર બતાવી હતી અને બાદ રૂ.21 હજાર નક્કી કર્યા હતાં. જે બાદ ફોન કુરીયર દ્વારા બતાવેલ સરનામે મોકલવાનું જણાવ્યું હતું. ત્યારબાદ સામેવાળાએ મોબાઈલ પેક કરતો વીડિયો અને કુરીયરની સ્લીપનો ફોટો મોકલેલ અને ત્યારબાદ મોહિતે રૂ.21 હજાર ઓનલાઈન ટ્રાન્સફર કરી દીધા હતાં. બીજા દિવસે કુરીયરની રસીદના આધારે તપાસ કરતા જાણવા મળ્યું કે, કોઈ ફોન કુરીયરમાં નીકળેલું નથી. ત્યારબાદ ફરીથી ફોન કરતા પાર્સલ આવી જશેનું જણાવ્યું હતું. જે બાદ તેની પાસે રૂ.21 હજાર પરત માંગતા રકમ આપી ન હતી. જેથી મોહિતે દશરથ પટેલ ફેસબુક એકાઉન્ટના ધારક સામે છેતરપિંડીની ફરિયાદ વાપી ટાઉન પોલીસ મથકમાં કરી હતી.

# વાપીના બલીઠામાં ધોળે દિવસે એકસાથે 6 ફ્લેટના તાળા તૂટ્યા

**4 બંધ** ફ્લેટમાંથી રોકડા 1.30 લાખ અને રૂ.3.45 લાખના ઘરેણા ચોરી

વાપી : વાપી નજીકના બલીઠામાં તસ્કરોએ ધોળે દિવસે બે બિલ્ડિંગના બંધ ફ્લેટોને નિશાન બનાવ્યા હતાં. જેમાં બે બિલ્ડિંગના 4 ફ્લેટમાંથી રોકડા 1.30 લાખ અને રૂ.3.45 લાખના ઘરેણા ચોરી કરી ગયા હતાં. આ ઉપરાંત બીજા પણ 2 ફ્લેટના તાળા તૂટેલા હતા જો કે, તેમાંથી કઇ ચીજવસ્તુઓ ચોરી થઈ તેની જાણ નથી. આ બનાવ અંગેની ફરિયાદ વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં કરવામાં આવી હતી.

વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ રાજસ્થાન અને હાલ વાપી નજીકના બલીઠા જીઈબી ઓફિસની બાજુમાં રીશીરાજ કોમ્પ્લેક્સના ત્રીજા માળે રહેતા આનંદ દામોદર સોમની (ઉં.38) અને તેમના પત્ની ગઇ તારીખ 29-5-26 ના રોજ ફ્લેટને તાળુ મારી નોકરી પર ગયા હતા. સાંજે પત્ની ઘરે આવી ત્યારે બિલ્ડિંગના સિક્યુરિટી ગાર્ડે ચોરી થઇ હોવાનું જણાવ્યું હતું. જેથી તેમણે ફ્લેટમાં તપાસ કરતાં તાળુ તૂટેલુ હતું અને બેડરૂમની તિજોરી તોડી તેમાંથી રૂ.2 લાખના સોનાના ઘરેણા, રોકડા 40 હજાર મળી કુલ રૂ.2,40,000/-ની મતા ચોરી થઈ ગઈ હતી. જયારે તે જ બિલ્ડિંગના બીજા માળે આવેલ ફ્લેટ નં.201 માં રહેતા અરવિંદકુમાર રામાશંકર પ્રસાદના ઘરમાંથી તિજોરીમાં મૂકેલા રૂ.75 હજારના સોનાના ઘરેણા અને રોકડા 40 હજાર મળી કુલ રૂા.1,15,000/-ની ચોરી થઈ ગઈ હતી.

આ ઉપરાંત તસ્કરોએ બાજુમાં આવેલ મહાલક્ષ્મી એવન્યુ સોસાયટીમાં પણ બે ઘરના તાળાઓ તોડી ચોરી કરી હતી. જેમાં બી વીંગ ફ્લેટ નં.203 માં રહેતા નીલકંઠ સૂર્યનારાયણ દાસના ઘરમાં મૂકેલ તિજોરીમાંથી રોકડા 20 હજાર અને રૂ.30 હજારના સોનાના ઘરેણા ચોરી થયા હતાં. જયારે ફ્લેટ નં.301 માં રહેતા સૂરજ રામદરસ પટેલના ઘરમાંથી તિજોરી તોડી રોકડા 30 હજાર અને રૂ.40 હજારની કિંમતના સોનાના ઘરેણા મળી કુલ રૂ.70 હજારની ચોરી થઈ ગઈ હતી. જયારે ફ્લેટ નં.202 અને 240 ના પણ તાળા તૂટેલા છે પરંતુ કઈ ચીજવસ્તુઓ ચોરી થઈ હતી તે જાણી શકાયું નથી.

## દેહરી ઓણિયા તળાવમાં ડૂબી જતાં બાળકનું મોત

ઉમરગામ : ઉમરગામ તાલુકાના દેહરી ગામના ઓણિયા તળાવમાં ન્હાવા પડેલા ત્રણ બાળકો પૈકી એક બાળક પાણીમાં ડૂબી જતા મોત થયું હતું. ઉમરગામ તાલુકાના દેહરી કટવાર ફળિયામાં રહેતા ત્રણ બાળકો રવિવારે સવારે ઘરેથી નીકળી દેહરી ગામે આવેલ ઓણિયા તળાવના પાણીમાં ન્હાવા પડ્યા હતા. તે પૈકી એક બાળક ચાંદ મોહંમદ (ઉ.વ.આ.11) પાણીમાં ડૂબી ગયો હતો. અને બે બાળકો બહાર આવી ગયા હતા. પરિવારજનોને તથા ફળિયાના લોકોને આ ઘટનાની જાણ થતા તેઓ તળાવ ઉપર દોડી આવ્યા હતા. અને જાણ કરાતા ફાયરના જવાનો પણ દોડી આવી પાણીમાં શોધખોળ કરી ત્રણેક કલાકની જહેમત બાદ મૃત હાલતમા બાળકની લાશને તળાવના પાણીમાંથી બહાર કાઢી હતી.

# ૭ વર્ષથી ફરાર લૂંટેરી દુલ્હન ગેંગનો ચીખલીના ખૂંધનો આરોપી ઝડપાયો

**નવસારી** એલસીબીએ પકડેલા આરોપી સામે વલસાડમાં પણ ગુનો નોંધાયો છે



નવસારીઃ નવસારી એલસીબીએ ‘લૂંટેરી દુલ્હન’ ગેંગના સાત વર્ષથી ફરાર રહેલા આરોપીને ઝડપી પાડ્યો હતો.

લગ્ન કર્યા પછી દાગીના અને પૈસા લૂંટી ફરાર થઇ જતી ગેંગ સામે નવસારીમાં સાત વર્ષ પહેલા ગુનો નોંધાયો હતો. ત્યારથી જ ફરાર આરોપી રમેશભાઈ બાઉભાઈ રાઠોડ (ઉ.વ. ૪૧, રહે. જલારામ સોસાયટી, ખૂંધ, તા. ચીખલી, જિ. નવસારી, મૂળ રહે. પલાસવા, તા. રાપર, જી. કચ્છ)ને ઝડપી પાડવામાં આવ્યો હતો.

પોલીસ તપાસમાં બહાર આવેલી વિગત પ્રમાણે આરોપીઓ લગ્ન કરવા ઇચ્છુક અવિવાહિત પુરુષોને નિશાન બનાવી લગ્ન કરાવવાની લાલચ આપતા હતા. ત્યારબાદ મહિલા આરોપીને દુલ્હન તરીકે રજૂ કરી લગ્ન કરાવવામાં આવતા. લગ્ન બાદ થોડા દિવસ પીડિતના ઘરે રહી વિશ્વાસ સંપાદિત કર્યા પછી ઘરેણાં, રોકડ રકમ અને કિંમતી માલમિલકત લઈને ફરાર થઈ જતા હતા. ઝડપાયેલા આરોપી સામે નવસારી ટાઉન તથા વલસાડ ટાઉન પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી અને વિશ્વાસઘાત સંબંધિત ગુનાઓ નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે.

આ કામગીરી એલસીબીના સિનિયર પોલીસ ઇન્સ્પેક્ટર વી.જે. જાડેજાના માર્ગદર્શન હેઠળ PSI વાય.જી. ગઢવી, PSI એમ.બી. ગામીત અને સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# APK ફાઈલમાં વિગત ભરો નહીં તો પેન્શન અટકી જશે કહી ઠગાઈ

**વલસાડના** નિવૃત્ત રેલવે કર્મચારીને વોટ્સએપ કરી ૫૦,૦૦૦ ખાતામાંથી ઉપાડી લેવાયા

**પાસબુકમાં એન્ટ્રી કરાવતા ભાંડો ફૂટ્યો**

ગત ૪ મે ૨૦૨૬ના રોજ જ્યારે માલતીબેન તેમના પુત્ર મનોજ સાથે વલસાડ SBI બ્રાન્ચમાં પાસબુકમાં એન્ટ્રી કરાવવા ગયા, ત્યારે તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. તેમના બે અલગ-અલગ બેંક ખાતાઓમાંથી ગેરકાયદેસર રીતે પૈસા ઉપડી ગયા હતા. ગઠિયાએ ઓનલાઇન હેકિંગ કરીને કુલ રૂા.૫૦,૦૦૦ નું ફ્રોડ આચર્યું હતું. ભોગ બનનાર મહિલાએ તુરંત જ સાયબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરી ઓનલાઇન ફરિયાદ નોંધાવી હતી.

વલસાડ : વલસાડમાં રેલ્વેના નિવૃત્ત મહિલા કર્મચારીના મોબાઈલમાં પેન્શન અપડેટ કરવાના બહાને APK ફાઈલ ડાઉનલોડ કરાવી, તેમનો ફોન હેક કરીને બે અલગ-અલગ બેંક ખાતાઓમાંથી કુલ રૂા. ૫૦,૦૦૦ ઉપાડી લેવામાં આવ્યા છે. આ અંગે વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઠગ વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પોલીસ ફરિયાદની વિગતો અનુસાર, વલસાડના પારનેરા પારડીમાં આવેલી ઓમ રેસીડેન્સીમાં રહેતા ૬૧ વર્ષીય મહિલા જૂન-૨૦૨૫માં વલસાડ રેલ્વે લોકોશેડમાંથી નિવૃત્ત થયા હતાં. તેમના પર અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે ‘મેં રેલ્વે DRM મેં સે બોલ રહા હૂં, આપકા પેન્શન અપડેટ કરના હૈ તો આપકા ATM કા નંબર હમકો દો’ શરૂઆતમાં માલતીબેને સાવચેતી દાખવી ATM નંબર આપવાની ના પાડી દીધી હતી અને ફોન કટ કરી દીધો હતો.

ગઠિયો આટલેથી જ ન અટકતા તેણે ફરીથી ફોન કર્યો અને માલતીબેનને જણાવ્યું કે, તમારા વોટ્સએપ પર એક APK ફાઈલ મોકલી છે, તેને ઓપન કરી તેમાં તમારા એકાઉન્ટની વિગતો ભરો, નહીંતર તમારું પેન્શન અટકી જશે અને ખાતામાં જમા નહીં થાય. પેન્શન બંધ થઈ જવાના ડરથી તેમણે તે APK ફાઈલ ઓપન કરી ફોર્મમાં પોતાના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) ના ખાતાની વિગતો ભરી દીધી હતી. જેના આધારે સાયબર માફિયાઓએ બે એકાઉન્ટમાંથી ૫૦,૦૦૦ ઉપાડી લીધા હતા.



ઉમેશ સોલંકી

## ભીલાડ નજીક કેમિકલ ભરેલું ટેન્કર પલટી ગયું

ઉમરગામઃ ભીલાડ નજીક તલવાડામાં કેમિકલ ભરેલું ટેન્કર પલટી મારી ગયું હતું. સદનસીબે દુર્ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. ભીલાડ મલાવ નજીક નેશનલ હાઈવે નંબર 48 ઉપર જતા તલવાડામાં રોડ ઉપર સવારના સમયે એક કેમિકલ ભરેલ ટેન્કર અચાનક પલટી મારી ગયું હતું. ડ્રાઈવરે સંતુલન ગુમાવતા આ દુર્ઘટના બનવા પામી હોવાનું માનવામાં આવી રહ્યું છે. આ ઘટનામાં ડ્રાઈવર કે અન્ય કોઈને પણ સદનસીબે ઈજા થઈ નથી.



# દમણમાં છેડતી કરનાર વાપીના યુવાનને મેથીપાક

**સોશિયલ** મીડિયામાં વાયરલ થયેલા વિડિયોમાં યુવાન નશામાં હોવાનું દેખાઇ છે

દમણઃ દમણમાં વાપીના યુવાનને લોકોએ જાહેરમાં મેથીપાક ચખાડ્યાનો વીડિયો વાયરલ થઇ રહ્યો છે. એક યુવાન વારંવરા મહિલાઓની નજીક પહોંચી જતો હતો. તેને દૂર જવાનું કહ્યા બાદ પણ તે તેની હરકત ચાલુ જ રાખતા મહિલાએ તેની ધૂલાઈ કરવાનું શરૂ કર્યું હતું. જેમાં નશામાં ચકચૂર વાપીના યુવાને મહિલાને માર મારતા આસપાસના અન્ય પર્યટક યુવાનો અને સ્થાનિકો આવી વાપીના પીધ્ધડ યુવાનને ઢીક્કા મુક્કી અને લાતો વડે સારો એવો મેથીપાક ચખાડી શાન ઠેકાણે લાવ્યા હતાં. આ સમગ્ર ઘટનાનો વિડિયો એક જાગૃત નાગરિકે કેમેરામાં કેદ કરી સોશિયલ મિડિયામાં વાયરલ કર્યો હતો. ઘટનાની જાણ મોટી દમણ પોલીસને થતાં પોલીસે યુવાનને પોલીસ મથકે લાવી જરૂરી કાર્યવાહી કરી હતી.

## ગાય સાથે બાઇક અથડાતાં ગણદેવીના યુવકનું મોત

બીલીમોરા ૩૦. ગણદેવી તાલુકાના ખેરગામ ગામના કૌશિક ભંડારીની મોટરસાયકલ ગાય સાથે અથડાતા તેમને પહોંચેલ માથામાં ગંભીર ઈજાઓને કારણે તેમનું સારવાર દરમિયાન સુરત સિવિલ હોસ્પિટલ માં મોત નીપજ્યું હતું

કૌશિકભાઈ ઠાકોરભાઈ ભંડારી (૫૨) રહે ભંડારી ફળિયા, સિધ્ધનાથ માતા મંદિરની સામે ખેરગામ ગઈ તારીખ ૨૩/૫/૨૦૨૬ એ પોતાની બજાજ પ્લેટીના GJ21BN2251 મોટરસાયકલ લઈને દુવાડા ગામ થી પોતાના ઘર તરફ રાત્રે ૮ વાગ્યે આવી રહ્યા હતા તે સમયે વડસાગળ ગામના અગાસી માતા મંદિર સામે દુવાડા જતા રોડ ઉપરથી જ્યારે તેઓ પોતાની મોટરસાયકલ લઇ ને પસાર થતા હતા તે સમયે અચાનક ગાય આવી જતા તેઓ ગાય સાથે અથડાયા હતા. જેમાં તેમને ગંભીર ઈજા પહોંચતા પ્રથમ દમણિયા બાદ સુરત સિવિલમાં ખસેડાયા હતાં.

# નવસારીમાં ‘નો પાર્કિંગ’ ઝોનમાં વાહન પાર્ક કરનારા દંડાશે

**હાઇવે** પર ટ્રાફિક પોલીસે વાહનમાલિકોને રૂ.71 હજારનો દંડ ફટકાર્યો



નવસારીઃ નવસારી જિલ્લા ટ્રાફિક પોલીસે હાઈવે અને ટોલનાકા વિસ્તારોમાં ટ્રાફિક નિયમોનો ભંગ કરનાર વાહનચાલકો સામે મેગા ડ્રાઇવ ચલાવી કડક કાર્યવાહી હાથ ધરી છે. હાઈવે પર મનફાવે ત્યાં વાહનો પાર્ક કરી ટ્રાફિકને જોખમમાં મુકનારાઓ સામે પોલીસે સખ્ત વલણ અપનાવતા નિયમ તોડનારાઓમાં ખળભળાટ મચી ગયો છે.

નેશનલ હાઈવે, એક્સપ્રેસ-વે અને ટોલનાકા નજીક ખાસ ચેકિંગ ગોઠવી નો પાર્કિંગ ઝોનમાં ઉભેલા વાહનોને નિશાન બનાવવામાં આવ્યા હતા. ટ્રાફિકને અવરોધરૂપ અને અકસ્માતનું જોખમ ઉભું કરતા અનેક વાહનો સામે સ્થળ પર જ કાર્યવાહી કરવામાં આવી હતી. સમગ્ર અભિયાન દરમિયાન કુલ 71 હજારનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

ટ્રાફિક પોલીસના જણાવ્યા મુજબ હાઈવે પર ગેરકાયદેસર રીતે ઉભા રાખવામાં આવતા વાહનો અનેક વખત ગંભીર અકસ્માતોનું કારણ બને છે. ખાસ કરીને રાત્રિના સમયે આવા વાહનો અન્ય વાહનચાલકો માટે જીવલેણ સાબિત થઈ શકે છે. આથી માર્ગ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે પોલીસે વાહનો પાછળ રિફ્લેક્ટર લગાવવાની કામગીરી પણ હાથ ધરી હતી, જેથી દૂરથી વાહનો સ્પષ્ટ દેખાઈ શકે.

ટ્રાફિક વિભાગે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે હાઈવે પર બેદરકારી હવે સહન કરવામાં નહીં આવે. આગામી દિવસોમાં પણ નિયમભંગ કરનારાઓ સામે આવી જ સખ્ત ડ્રાઇવ, ચેકિંગ અને દંડાત્મક કાર્યવાહી યથાવત રાખવામાં આવશે.

# સુરતમાં સારવાર માટે આવતા નવસારીવાસીઓ માટે ફ્રી ભોજન

**સીઆર** પાટીલના કાર્યલયેથી બંને વખતની ટિફિન સેવાનો પ્રારંભ



નવસારીઃ જનતાના પ્રશ્નોમાં હંમેશા સંવેદનશીલ અભિગમ અપનાવતા નવસારીના સાંસદ અને કેન્દ્રીય જલ શક્તિ મંત્રી સી.આર. પાટીલ દ્વારા વધુ એક સેવાભાવી પહેલ હાથ ધરવામાં આવી છે. સુરતની વિવિધ હોસ્પિટલોમાં સારવાર માટે આવતા નવસારી લોકસભા વિસ્તારના દર્દીઓના પરિવારજનો માટે હવે મફત ટિફિન સેવાની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે.

ઘણી વખત ગંભીર બીમારીની સારવાર દરમિયાન દર્દીના સગાંઓને દિવસો સુધી હોસ્પિટલમાં રહેવું પડતું હોય છે. આવી પરિસ્થિતિમાં બહારના ભોજનનો ખર્ચ અને યોગ્ય જમવાની સમસ્યા પરિવારો માટે વધારાનો બોજ બની રહે છે. આ મુશ્કેલીને ધ્યાનમાં રાખી સી.આર. પાટીલના કાર્યાલય દ્વારા હવે જરૂરિયાતમંદ પરિવારોને બંને ટાઈમ નિઃશુલ્ક સાત્વિક અને પૌષ્ટિક ભોજન પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સેવાનો લાભ લેવા માટે દર્દીના સગાંઓએ સી.આર. પાટીલના લોકસભા કાર્યાલયનો સંપર્ક કરવાનો રહેશે. દર્દી હોસ્પિટલમાં દાખલ હોય ત્યાં સુધી પરિવારજનોને નિયમિત રીતે ટિફિન ઉપલબ્ધ કરાવવામાં આવશે. સી.આર. પાટીલે જણાવ્યું હતું કે, “સારવાર દરમિયાન પરિવાર પહેલેથી જ ચિંતા અને તણાવમાંથી પસાર થતો હોય છે. ત્યારે ભોજન જેવી મૂળભૂત જરૂરિયાત માટે પણ સંઘર્ષ કરવો ન પડે તે હેતુથી આ સેવા શરૂ કરવામાં આવી છે.”

# વલસાડની કસ્તુરબા હોસ્પિટલ 83માં વર્ષમાં પ્રવેશી

**અલ્પ** સમયમાં 135થી વધુ કાર્ડિયાક અને વાસ્ક્યુલર સર્જરી થઈ




વલસાડ : વલસાડની કસ્તુરબા વૈદ્યકીય રાહત મંડળ સંચાલિત કસ્તુરબા હોસ્પિટલે તબીબી ક્ષેત્રે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. હોસ્પિટલના કાર્ડિયાક સર્જરી વિભાગે કાર્યરત થયાના માત્ર ૧૪ મહિનાની ટૂંકી અવધિમાં 100થી વધુ અદ્યતન ઓપન-હાર્ટ તેમજ મિનિમલ ઈન્વેસિવ “કી-હોલ” હૃદય સર્જરીઓ સફળતાપૂર્વક પૂર્ણ કરીને એક નવો ઈતિહાસ રચ્યો છે. આ ઐતિહાસિક સફળતા સાથે જ કસ્તુરબા હોસ્પિટલ વલસાડ શહેરમાં પોતાની જાતનું પ્રથમ અને અદ્યતન કાર્ડિયાક સર્જરી કેન્દ્ર બની ગયું છે.

હોસ્પિટલના પ્રમુખ કિરણભાઈ ઠાકોરભાઈ દેસાઈ, ઉપપ્રમુખ અપૂર્વભાઈ અર્જુનભાઈ દેસાઈ તથા સમગ્ર ટ્રસ્ટી મંડળે આ અભૂતપૂર્વ સિદ્ધિને વલસાડ માટેની તબીબી ક્રાંતિ ગણાવી છે. તેમણે આ સફળતા માટે હોસ્પિટલની પૂર્ણકાલીન નિષ્ણાત તબીબી ટીમ ડૉ. વિરલ ટંડેલ (કાર્ડિયોલોજિસ્ટ), ડૉ. કપિલ પટેલ (વૈશ્વિક સ્તર અનુભવ ધરાવતા કાર્ડિયાક સર્જન), ડૉ. પર્થિક નાઈક (કાર્ડિયાક એનસ્થેશિયોલોજિસ્ટ) અને ડૉ. કેતુલ રાવલ (ફિઝિશિયન અને ક્રિટિકલ કેર નિષ્ણાત) સહિતના સ્ટાફની દર્દી કેન્દ્રિત સેવાની વિશેષ પ્રશંસા કરી છે. નોંધનીય છે કે, ૧ જૂન,૧૯૪૪ ના રોજ માત્ર 6 પથારી સાથે એક નાનકડી માતૃત્વ સેવા સંસ્થા તરીકે શરૂ થયેલી આ હોસ્પિટલ આજે ૮૩ મા વર્ષમાં પ્રવેશી ચૂકી છે.

# મૂવી જોવા એપ ડાઉનલોડ કરી તો ૬૩ હજાર ઉપડી ગયા

**બીલીમોરાના** અલીફનગરમાં રહેતા મુનાફ ખલીફા સાથે ઠગાઇ

બીલીમોરા : બીલીમોરા ના શક્સ ને મોબાઈલ ઉપર મુવી જોવાનું ભારે પડ્યું. મુવી જોવા માટે એપ્લિકેશન ડાઉનલોડ કરતા ખાતામાંથી રૂપિયા ૬૩ હજાર ઉપડી ગયા હતા.

બનાવની મળતી માહિતી અનુસાર મુનાફભાઈ અહમદભાઈ ખલીફા (૫૦) રહે અલીફ નગર બીલીમોરાએ ગઈ તારીખ ૨૨/૫/૨૦૨૬ એ પોતાના ફોન પર મુવી જોવા માટે tubi app નામની એપ્લિકેશન ડાઉનલોડ કરી હતી. તે સમયે મુવી અડધે થી બંધ થઈ જતા તેમને તે એપ્લિકેશન ડીલીટ કરી દીધી હતી. ત્યારબાદ તારીખ ૨૪/૫/૨૦૨૬ તેમનો ફોન અચાનક બંધ થઈ જતા તેમની પુત્રીએ ફોન રિસ્ટાર્ટ કરી આપ્યો હતો. જે પછી તેમણે તેમનું બેંક ઓફ બરોડા નું ગૂગલ પે એકાઉન્ટ ચેક કરતા તેમાંથી ૫૦ હજાર રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર થઈ ગયા નું તેમને ધ્યાન પર આવ્યું હતું.

જે બાદ કોઈએ તેમના એકાઉન્ટમાં રૂ.૫૬૮૭ ઓનલાઈન જમા પણ કરાવ્યા હતા, ત્યાર પછી પાછા બીજા ૧૩ હજાર તેઓના બેંક ખાતામાંથી ઉપડી જતા તેમણે બેંકમાં તપાસ કરી તો તેમને જાણવા મળ્યું કે કોઈક અજાણીયા એ તેમના ખાતા મા પૈસા જમા કરાવી તેમના ફોનનું એક્સેસ મેળવી તેમની સાથે પ્રથમ ૫૦ અને ત્યાર બાદ બીજા ૧૩ મળી ૬૩ હજાર ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા. આ અંગે મુનાફભાઈએ જિલ્લા સાઈબર ક્રાઈમ પોલીસ માં ફરિયાદ નોંધાવી છે જેની તપાસ પોલીસ કરી રહી છે.

# વાપીના કંપની માલિક પિતા-પુત્ર સહિત ત્રણે કોન્ટ્રાકટર કાકા-ભત્રીજાને માર માર્યો

**કડિયા** કામનો સામાન લઈ જતી હુમલો થતા મામલો પોલીસમાં

વાપીઃ વાપીના કંપની માલિક અને પુત્ર તથા અન્ય ઈસમે સરસામાન ભરનાર નામધાના કોન્ટ્રાકટર કાકા-ભત્રીજાને માર માર્યો હતો. આ બનાવ અંગેની ફરિયાદ વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં કરવામાં આવી હતી.

વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ યુપી અને હાલ વાપી નજીકના નામધા, સ્ટાર સિટી બિલ્ડિંગમાં અજય અનિલ વર્મા (ઉં.32) રહે છે અને તેઓ કોન્ટ્રાકટર છે. ગત તા.30મી ને શનિવારે ભત્રીજા બાદલ વર્માનો ફોન આવ્યો હતો કે, વાપી જીઆઈડીસી ફર્સ્ટ ફેઝ સ્થિત ડી માર્ટની સામે સાક્ષી પોલીમાર કંપનીમાં કામ કરેલ ત્યાં કડિયા કામગીરીનો સરસામાન લેવા ગયેલ છું. પરંતુ કંપનીના માલિક અનિલ રામુકા ફોન ઉપાડેલ નથી. જેથી અજયે કંપની માલિકના પુત્ર ધીરજનો ફોન નંબર આપ્યો હતો. તેની સાથે વાતચીત કરતા આવું છું કહ્યા બાદ આવ્યો ન હતો. ભત્રીજાએ ફોન કરતા અજય પણ ત્યાં આવ્યો હતો. તેમનો સરસામાન હાથલારીમાં ભરીને બહાર મૂક્યો હતો. તે અંગેનો વીડિયો બનાવતો હતો. ત્યારે કંપની માલિકનો દીકરો ધીરજ આવેલ અને વીડિયો ઉતારવાની ના પાડી હતી અને વીડિયો કેમ ઉતારેલ કહી ઢીક્કામુક્કીનો માર માર્યો હતો. જયારે કંપની માલિક અનિલ તથા અન્ય એક ઈસમ પણ આવ્યો હતો અને આ સામાન કેમ લઈ જાઓ છો કહ્યું હતું. ભત્રીજાને કંપની માલિક-પુત્ર અને અન્ય ઈસમે મળી ઢીક્કામુક્કીનો માર માર્યો હતો. કાકા-ભત્રીજાને માર મારનારા અનિલ રામુકા અને પુત્ર ધીરજ (બંને રહે. ચલા) તથા અન્ય ઈસમ સામે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં અજય વર્માએ ફરિયાદ નોંધાવી હતી.

વાપી નજીકના ચલા, ગુલમોહર, રોયલ ગાર્ડનમાં ધીરજ અનિલ રામુકા (ઉં.27) રહે છે અને તેઓની વાપી જીઆઈડીસી, ફર્સ્ટ ફેઝ, ડી માર્ટની સામે સાક્ષી પોલીમર્સ કંપની છે. કંપનીમાં અગાઉ કરી ગયેલ કામકાજનો સરસામાન લેવા માટે બાદલ વર્મા અને અજય આવ્યા હતા અને તેઓ કંપનીમાં મૂકેલ સામાનનો વીડિયો રેકોર્ડિંગ કરતા હોય જેથી તેઓને વીડિયો કેમ બનાવો છો કહેતા બંને વચ્ચે બોલાચાલી થઈ હતી અને કાકા-ભત્રીજાએ હાથાપાઈ કરી હતી. અજય અનિલ વર્મા અને બાદલ વર્મા (બંને રહે. નામધા-વાપી) સામે કંપની માલિક ધીરજે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં સામી ફરિયાદ નોંધાવી હતી.